# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૬/૦૩/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

- **કોંગ્રેસ શહેર મહિલા ઉપપ્રમુખ સહિત ૧૦૦ કરતા વધુ બહેનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ.**
- **"ભાજપનું હિત એટલે દેશનું હિત"ની વિચારધારા સાથે ભારતીય જનતા પાર્ટીમાં જોડાનાર કોંગ્રેસી બહેનોને આવકાર આપતા ભાજપ–સુરત શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા**
- **કોંગ્રેસ હાઈકમાન્ડની અનિર્ણાયકતા અને અયોગ્ય વિચારધારાને કારણે કોંગ્રેસના નેતાઓ તથા કાર્યકર્તાઓમાં ખૂબ મોટા પ્રમાણમાં નારાજગી : કોંગ્રેસમાં ભૂકંપની સ્થિતિ.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની "રાષ્ટ્ર પ્રથમ" તથા "સૌનો સાથ, સૌનો વિકાસ" નીતિથી પ્રેરાઈને સુરત શહેર મહિલા કોંગ્રેસના હોદેદારો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

**"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.**

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, ઉધના ખાતે મળેલી આજની શહેર કારોબારીમાં શહેર મહિલા કોંગ્રેસ ઉપપ્રમુખ રશ્મિતાબેન વિપુલભાઈ હિરાણી તથા વોર્ડ નં. ૫ના મહિલા પ્રમુખ ગીતાબેન અશોકભાઈ વઢવાણા સાથે ૧૦૦ કરતા વધુ કાર્યકર્તા બહેનો આજ રોજ કેસરીયો ખેસ ધારણ કર્યો હતો. કોંગ્રેસ શહેર મહિલા ઉપપ્રમુખ રશ્મિતાબેન વિપુલભાઈ હિરાણીને ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના પૂર્વ પ્રમુખ અને પૂર્વ રાજ્યસભાના મેમ્બર શ્રી પ્રવિણભાઈ નાયકે ખેસ પહેરાવી આવકાર આપ્યો હતો. જ્યારે વોર્ડ નં. ૫ ના મહિલા પ્રમુખ ગીતાબેન અશોકભાઈ વઢવાણાને ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના પૂર્વ પ્રમુખ અને મેયર શ્રી ફકીરભાઈ ચૌહાણે ખેસ પહેરાવી આવકાર આપ્યો હતો. આ ઉપરાંત કોંગ્રેસની કાર્યકર્તા બહેનો વર્ષાબેન જેન્તીભાઈ, ભાવનાબેન કમલેશભાઈ, આશાબેન મુકેશભાઈ, સંગીતાબેન કમલેશભાઈ, રેખાબેન પ્રફુલભાઈ, વર્ષાબેન પ્રવિણભાઈ, અર્પિતાબેન નૈલેશભાઈ, ગૌરીબેન ધીરૂભાઈ (લાઠીયા), રેખાબેન જીતુભાઈ તથા કોંગ્રેસની આશરે ૧૦૦ કરતા વધુ બહેનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ હતી. યુપી સહિતના પાંચ રાજ્યોમાં આવેલા ચૂંટણી પરિણામો પછી કોંગ્રેસમાં ભૂકંપની પરિસ્થિત સર્જાઈ છે. કોંગ્રેસ હાઈકમાન્ડની અનિર્ણાયકતા અને અયોગ્ય વિચારધારાને કારણે કોંગ્રેસના નેતાઓ તથા કાર્યકર્તાઓમાં ખૂબ મોટા પ્રમાણમાં નારાજગી છે અને તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાવા માટે ભાજપના નેતાઓના સંપર્કમાં છે. આથી આવનારા દિવસોમાં કોંગ્રેસના વધુ હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાય તેવી શક્યતા છે.

કોંગ્રેસ છોડીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલી બહેનોને આવકાર આપતા ભાજપ–સુરત શહેર પ્રમુખે શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ જણાવ્યું હતું કે "ભાજપનું હિત એટલે દેશનું હિત" અને દેશના હિતમાં જ્યારે આ બહેનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ રહી છે ત્યારે આ બહેનોને હું વિશેષ અભિનંદન પાઠવું છું કે તેમણે દેશ હિતમાં સારો નિર્ણય કર્યો છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસનીતિ અને "સૌનો સાથ, સૌનો વિકાસ" તથા સૌ કાર્યકર્તાઓને સાથે રાખવાની માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની સર્વસમાવેશક નીતિથી વધુમાં વધુ લોકો ભારતીય જનતા પાર્ટીમાં જોડાય રહ્યા છે. તે આનંદની વાત છે.